# સફળ અને નફાકારક પશુપાલન




પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડા
આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી,
દેવગઢ બારીયા - ૩૮૯ ૩૮૦




- ડેરી ફાર્મ ભવિષ્યના વિસ્તરણને ધ્યાનમાં રાખી જગ્યા પસંદ કરવાનું ખૂબ જ મહત્વનું પાસું છે. ઢોરવાડો (શેડ) હંમેશા પૂર્વ –પશ્ચિમ દિશામાં એવી રીતે બાંધવો જોઇએ કે જેથી તેની ગમાણ ઉત્તર દિશા તરફ રહે. તેનું ભોંયતળિયું ઢળતું તેમજ પાકું હોવું જોઇએ. તેની છતની ઉચાઈ ઓછામાં ઓછી ૧૨ ફૂટ હોવી જોઈએ. તેમાં હવાની પૂરતી અવર જવર થઇ શકે તેવી વ્યવસ્થા હોવી જોઇએ.
- હંમેશા તાજા વિયાએલા ૧ થી ૩ વેતરના પશુઓની પસંદગી કરવી જોઇએ. બહારથી નવા પશુઓ લાવ્યા બાદ હંમેશા ૧૫ થી ૩૦ દિવસ માટે શકય હોય તો અલગ સ્થળે રાખવા જોઇએ.
- શિયાળામાં પશુઓને ઠંડીથી રક્ષણ મળી રહે તે માટે રાત્રે શેડમાં છતની નીચે તથા દિવસ દરમ્યાન સૂર્ય પ્રકાશની હાજરીમાં ખુલ્લામાં રાખવા જોઇએ.
- ઉનાળામાં પશુઓને ચોવીસે કલાક પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ અને તેમને છાંયડામાં રાખવા જોઇએ. ગરમીના દિવસમાં શેડનો ખુલ્લો ભાગ છાણ – માટીથી થાબડેલી વાંસની રચના વડે કે તાટીયા વડે ઢાંકવો. દિવસમાં પશુના શરીર પર ત્રણથી ચાર વાર પાણીનો છંટકાવ (૫ થી ૧૦ મિનિટ) ખૂબ જ સારી અસર કરે છે. મોટા ડેરી ફાર્મ ઉપર ઠંડક આપવાના સાધનો જેમ કે પંખા, પડદા/કોથળા/ખસ ટટ્ટીનો ઉપયોગથી ગરમીનો તણાવ ઘટાડી શકાય છે.
- ગરમ તેમજ ભેજવાળા વાતાવરણમાં લીખ, ઝૂઆ, ચાંચડ, ઈતરડીઓ વગેરેનો ઉપદ્રવ ખૂબ જ હોય છે, જે પશુઓની ચામડી ઉપર ચોંટી રહે છે તથા ઘણા ખરાં જીવલેણ રોગો ફેલાવે છે. તેને રોકવા માટે ૦.૦૨ ટકા બ્યુટોક્ષ અથવા તેના જેવી દવાઓ પશુઓ ઉપર તેમજ શેડમાં છંટાવવી જોઇએ પશુઓનાં શેડ (ઢોરવાડા) ના ખૂણાંઓ તેમજ દિવાલોમાં પડેલી ફાંટ/તિરાડોમાં આ દવાનો છંટકાવ ખાસ કરવો જોઇએ. ગંદવાડ તથા કચરાનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ કે જેથી મચ્છર/માખીઓનાં ઉપદ્રવ પર નિયંત્રણ રહે.
- બચ્ચાંના નાક, આંખ અને કાન ઉપર ચોંટેલ ચીકાશ કે મેલીનો ટૂકડો હોય તો તેને સ્વચ્છ કપડાંથી સાફ કરી બચ્ચાંને તેની માતા આગળ મૂકવું જોઇએ. જેથી માતા બચ્ચું એકબીજાને ઓળખે અને અપનાવી લે.

- ખીરૂં તેના નવજાત બચ્ચાંને તેનાં જન્મ પછી અડધા કલાકની અંદર પીવડાવવું જોઇએ. મેલી પડવા સુધીની રાહ જોવી નહી. આ ખીરૂં બચ્ચાંને કાયમી રોગ પ્રતિકારક શકિત પ્રદાન કરે છે. તેના પ્રથમ મળ બહાર નીકળવામાં સહાયક પુરવાર થાય છે.
- જન્મતાની સાથે બચ્ચાંના ડૂંટાને ટીંચકચર આયોડીનથી સાફ કરી સ્વચ્છ દોરો બાંધવો જોઇએ. લોહી બંધ કરવા માટે માટીનો ઉપયોગ કરવો નહી. ૧૫ દિવસની અંદર બચ્ચાંને કૃમિનાશક દવા પીવડાવવી જોઇએ તથા છ મહિનાં સુધી એક – એક મહિનાના અંતરે ફરી પીવડાવવી જોઇએ.
- ત્રણ મહિનાના વિદેશી તથા સંકર ઓલાદના બચ્ચાંઓમાં ખરવા–મોવાસા તથા ગળસૂંઢાનાં રોગોની રસીઓ મૂકાવવી જોઇએ. ૪ થી ૮ મહિનાની ઉંમરે માદા બચ્ચાંઓમાં ચેપી ગર્ભપાત (બ્રુસેલ્લોસીસ) વિરોધી રસી મૂકાવવી જોઇએ.
- ખરવા – મોવાસા, ગળસૂંઢા વગેરે રોગોને રસીઓ અપાયાની તારીખની નોંધ કરી તે રસીઓ દર ૬ મહિને કે વર્ષે ફરીથી અપાવતાં રહેવું જોઇએ.
- પશુઓમાં પોષણ ખૂબ મહત્વ આપવું જોઈએ કે જેથી વાછરડી કે પાડી ૨૨ થી ૨૪ મહિનાની ઉંમરે ૨૫૦ કિ.ગ્રા. વજન ધારણ કરે. તે માટે સારી માત્રામાં સારી ગુણવત્તાવાળો લીલો ઘાસચારો અને જાનવર દીઠ ૨ થી ૩ કિ.ગ્રા સાર ગુણવત્તાવાળું દાણ.
- ૭ મહિના ઉપરનાં ગાભણ જાનવરોમાં સૂકો ઘાસચારો વધુ પ્રમાણમાં ખવડાવવો જોઈએ નહી અને પૂરતો આરામ પણ આપવો.
- જાનવરોને લગતી તમામ નોંધો જેવી કે ગરમીમાં આવવાનાં ચિન્હો, બિજદાન કર્યાની તારીખ, ગાભણની તપાસ, જો ગર્ભાધાન કરેલ હોય તો વિયાવાની અંદાજિત તારીખ, દૂધ ઉત્પાદનને લગતી માહિતી, કોઈપણ રોગોનો ઉપદ્રવ થયો હોય તો તેને લગતી માહિતી, દવા કર્યાની માહિતી વગેરે સાચાવવી જોઈએ. જે નોટબુક કે ચાર્ટમાં આ માહિતી લખેલ હોય તેને હાથવગી રાખવી.
- આપણી દેશી ગાયો અને ભેંસોની ઓલાદોમાં સવારે, બપોરે અને સાંજે ગરમીમાં આવ્યાની ચકાસણી કરવી. ગરમીમાં આવ્યાના બાર કલાક બાદ તેનું બિજદાન કરાવવું.

- કુદરતી રીતે ફેળવવામાં આવતા જાનવરો માટે દર ત્રણ વર્ષે સાંઢ બદલી નાખવો જોઈએ.
- ગાભણ જાનવરોને સારી ગુણવત્તાવાળો ખોરાક આપવો જોઈએ. ગર્ભાવસ્થાના છેલ્લા અથવા તૃતિય તબકકામાં વધારાનું ૧ થી ૧.૫ કિ.ગ્રા. દાણ આપવું જોઈએ. જો ગાભણ જાનવર દૂધ આપતું હોય તો ઓછામાં ઓછું વિયાણના બે મહિના પહેલા વસુકાવવું જોઈએ અને ગાભણ જાનવરને કૃમિનાશક દવા પણ પિવડાવવી જોઈએ.
- કઠિન પ્રસવના કિસ્સામાં ગામના કોઈ અણઘડ વ્યકિતને બોલાવી ઉટવૈદું ન કરાવતાં, સમયસર નજીકના પશુ દાકતરનો સંપર્ક કરી યોગ્ય સારવાર કરાવવાનો હંમેશા આગ્રહ રાખો.
- ભેંસોને ઉનાળામાં દરરોજ બે વાર નવડાવવાથી અથવા બપોરે ગરમીના સમયમાં તળાવમાં એકાદ કલાક બેસવા દેવાથી દૂધ ઉત્પાદન અને પ્રજનન ઉપર સાનુકૂળ અસર થાય છે.
- જાનવરોને રાત્રિ દરમ્યાન વાડામાં છૂટા રાખો. દિવસ દરમ્યાન સવારે ગમાણ, વાડા વિગેરે સફાઈના સમયે શકય હોય તો અન્ય વાડામાં પૂરવા, સફાઈ બાદ જે તે જાનવરને પોતાના ચોકકસ સ્થળે બાંધી સવારમાં લીલો/સૂકો ઘાસચારો નિરણ કરવો જોઈએ.
- દૂધ ન આપતાં જાનવરોની નિભાવણી માટે જાનવર દીઠ એક કિ.ગ્રા. તથા ઉછરતી વાછરડી/પાડી વિગેરેને તેમની જરૂરિયાત/ઉંમર મુજબ ૦.૫ થી ૧.૦ કિલો દાણ સવારે જ આપવું હિતાવહ છે.
- દૂધ આપતા જાનવરો તેમની ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં રાખી દૂધ ઉત્પાદનના ૩૩ થી ૫૦ ટકા ના દરે દાણ નિરવું જોઈએ.

**: લેખકો :**

**ડૉ. સફી વહોરા અને ડૉ. જી. એન. થોરાત**

**પશુવિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયા**